# નાણાકીય બજેટ–૨૦૨૪
# માગણીઓ પરની ચર્ચા
# (આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)
# માન.મંત્રીશ્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરનું પ્રવચન
# તારીખ:–૨૦/૦૨/૨૦૨૪, મંગળવાર

**માન. અધ્યક્ષશ્રી,**

મારા હસ્તકના વિભાગો આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગ એમ બન્ને વિભાગોની માંગણી ઉપર વિરોધ પક્ષના માન. સભ્યશ્રીઓએ તથા શાસકપક્ષના માન. સભ્યશ્રીઓએ સમગ્ર ચર્ચા દરમ્યાન ઘણાં સારા રચનાત્મક અને સુધારાત્મક સૂચનો કરેલ છે, જેને હું આવકારું છું. મારા હસ્તકના બન્ને વિભાગોની માંગણી લઇને આવ્યો છું. જે પૈકી આદિજાતિ વિકાસ વિભાગની **માગણી નંબર ૯૩ અને ૯૬** તથા શિક્ષણ વિભાગની **માગણી નંબર ૦૯ અને ૧૦** ઉપર ચર્ચા કરવા કેટલાક મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરુ છું.

**માન. અધ્યક્ષશ્રી,**

હું જે સમાજનું બજેટ લઇને આવ્યો છું, તે સમાજે આદિ અનાદિકાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરી છે. એવા સમાજના વિકાસની માંગણી લઇને આવ્યો છું. પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ આદિવાસી વિસ્તારનો પ્રવાસ કર્યા પછી એમ કહેતા કે આ સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે. જયારે આપણે પ્રભુશ્રી રામનું ભવ્ય અને દિવ્ય મંદિર અયોધ્યા ખાતે બનાવ્યુ છે ત્યારે ભગવાનશ્રી રામ શબરી માતા જેવા આદિવાસીના ઘરે ગયા અને તેના એઠા બોર ખાધા હતા. એવા સમાજની માગણી લઇને આવ્યો છું.

**માન. અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજયમાં આદિવાસી સમાજની જનસંખ્યાની વાત કરીએ તો અંબાજી થી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીમાં **૧૪** જિલ્લાઓ, **૫૩** જેટલા તાલુકાઓ, **૫,૮૦૦** કરતાં વધારે ગામડાઓ, અને **૧ કરોડ** જેટલો મારો આદિવાસી સમાજ ગુજરાતમાં વસવાટ કરે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**‘‘માં હિન્દનો પનોતો કુમાર આદિવાસી છે**
**જગતનો શણગાર આદિવાસી’’**

એવો આદિવાસી સમાજ કે જે પોતાની ભાગીગળ સંસ્કૃતિને બચાવી અને જીવી રહ્યો છે. આજે ઘણી ચર્ચા થાય છે કે આદિવાસી સમાજનું ઈતિહાસમાં સ્થાન નથી અરે ભાઇ આદિવાસી ખુદ એક ઈતિહાસ છે. જેનું પ્રમાણ આપુ,

**જ્ઞાન માં વાલ્મિક શ્રેષ્ઠ છે.**

**ભકિતમાં શબરી શ્રેષ્ઠ છે.**

**દાનવીરમાં એકલવ્ય શ્રેષ્ઠ છે.**

**લઈ લે તો જીવ લઈ લે, દઈ દે તો જીવ દઈ દે, દિલદાર આદિવાસી**

આપણા ગુજરાતની વાત કરીએ તો સોમનાથની સખાવતે સખાતે જનાર હમીરજી ગોહીલને પોતાની દિકરી પરણાવનાર વેગડાજી ભીલ હતા અને એણે ખુમારી સાથે કહ્યુ કે હું કરિયાવરમાં એક હજાર મારા આદિવાસી દિકરાઓ આપું છું અને એ આદિવાસી યુવાનો સોમનાથની રક્ષા માટે શહીદ થાય હતા.

આઝાદીની લડતમાં પણ આદિવાસી સમાજ સૌથી પહેલા આહુતી આપી ચૂક્યો હતો બિરસા મુંડાથી લઇ ગોવિંદ ગુરુ સુધી સૌ વંદનને પાત્ર છે.

આઝાદીની લડાઇમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું બલીદાન અને ખૂબ મોટું યોગદાન રહેલું છે. આઝાદી પછી આવેલી કોંગ્રેસની સરકારો–ત્યારે તો રાજયો હોય કે કેન્દ્ર હોય, કોંગ્રેસનું એકહથ્થું શાસન હતું, આ સમાજની વર્ષો સુધી ઉપેક્ષા થતી રહી, સમાજ મુખ્યધારાથી વિખૂટો પડી ગયો. કોંગ્રેસે માત્ર આ સમાજનો વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે.

# આદિજાતિ વિકાસ વિભાગ

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજય મહારાષ્ટ્રથી અલગ થયું ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ ખાતાનું ભેગું બજેટ માત્ર ૫૮ કરોડ રૂપિયા હતું

શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે **‘સબકા સાથ, સબ કા વિકાસ સબકા પ્રયાસ’** ના સૂત્ર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડ્યા છે. શ્રી મોદી સાહેબે વર્ષ ૨૦૦૭ માં નિયમ–૪૪ હેઠળ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી.

અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ–રસ્તા, સિંચાઈ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી વગેરે સગવડો માટેના કામો થયા છે.

રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યુ હતું કે અમે રાજનીતિમાં સરકારો બનાવવા નથી આવ્યા. પરંતુ, અમે રાજનીતિમાં સમાજ ઉત્થાન, રાષ્ટ્રનિર્માણ કરવા માટે અને દેશમાં બદલાવ લાવવા માટે આવ્યા છીએ. **આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરેલ હતી. આ કલ્યાણ કાર્યક્રમને આગળ ધપાવતાં અમારી સરકારે પાંચ વર્ષ માટે રૂ.૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના–૨ શરૂ કરેલ છે.** જેના માટે વિકાસની અનેકવિધ સફળતા હાંસલ કરવા આગામી **વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૨૨,૦૨૬ કરોડ (રૂપિયા બાવીસ હજાર છવ્વીસ કરોડ)** જેટલી માતબર રકમની જોગવાઈ આ સરકારે કરી છે.

જ્યારે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુસૂચિત જનજાતિ કલ્યાણની યોજનાઓ માટે **સને ૨૦૨૪–૨૫ માટે રૂ.૪,૩૭૪ કરોડ (રૂપિયા ચાર હજાર ત્રણ સો ચુમોત્તેર કરોડ)** જેટલી રકમની જોગવાઈ કરવામાં આવેલ છે. જેનો સીધો લાભ રાજયના અનુસૂચિત જનજાતિના લોકોને શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ અને આરોગ્ય, આવાસન યોજનાઓ થકી મળનાર છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આઝાદીની લડાઈમાં આદિવાસી સમાજનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે. જ્યારે કોંગ્રેસની સરકારોમાં ઈતિહાસ ભુલાવી દેવાના પ્રયત્ન રહ્યા છે.

આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને યાદ કરેલ છે. આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાની માટે **નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં રાષ્ટ્રીય કક્ષાનુ સંગ્રાહલય** બનાવવા આવી રહ્યું છે.

**માન.અધ્યક્ષશ્રી,**

આદિજાતિ એ આદિ–અનાદિ કાળથી મૂળ વંશજ છે, અને આ ધરતીની પ્રકૃતિને પૂજનારો છે. આ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર હરહંમેશ અમારી આદિજાતીની ચિંતા કરતી હોય છે ત્યારે અમારા આદિજાતિ વિસ્તારમાં રાજયના છેવાડાના વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિજાતિ પરિવારો માટે આંતરમાળખાકીય સુવિધા માટે માન.શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર ચિંતા અને ચિંતન કરી રહી છે. અમારા આદિજાતિ વિસ્તાર માટે હમણાં વાતો કરતા હતા કે સ્કૂલો નથી, ઓરડા નથી, પણ અગાઉની સરકારોમાં મારા બાપ–દાદા નીચે બેસીને ભણતા હતા. **ઝાડ નીચે બેસીને ભણતા હતા અમારી સરકાર આવી ત્યારથી માંડીને બબ્બે માળ વાળી અને ત્રણ –ત્રણ માળ વાળી શાળાઓમાં અમારા દીકરા દીકરી અભ્યાસ કરે છે અને કોમ્પ્યુટર માટે આલિશાન લેબ છે અને ખૂટતી કડીના ઓરડાઓનો પણ આ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.**

**शिक्षा के लिए थाली भी बेचनी पडे तो बेच दो,**
**हाथ पर रोटी रखकर खाओ लेकिन पढो ।**
**(મરાઠી સંત શ્રી ગાડગે મહારાજ)**

શિક્ષણ ખાતર શિક્ષણ નહી. સાહિત્ય ખાતર સાહિત્ય નહી.
સેવા ખાતર સેવા નહી. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ.
માણસ બેઠો થવો જોઈએ. જે તાકાત શિક્ષણમાં છે.

**શૈક્ષણિક ઉત્કર્ષ માટેની વિશેષ જોગવાઈઓ:**

**વર્ષ ૨૦૨૪–૨૫માં** આદિજાતિ સમુદાયોના બાળકોને ગુણવત્તાપૂર્ણ શૈક્ષણિક સુવિધાઓનાં વિસ્તાર માટે રાજય સરકારે

**પ્રિ મેટ્રીક સ્કોલરશીપ યોજનાઃ**

- અનુસૂચિત જનજાતિના **ધોરણ ૧ થી ૧૦** માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રાજય સરકારની શિષ્યવૃત્તિ સહાય માટે **રૂા. ૧૧૨.૭૩ કરોડની જોગવાઈ** અંદાજે **૧૫ લાખ** જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળશે.

## **ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય:**

- અનુસૂચિત જનજાતિના ધો. **૧** થી **૮** માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને **રૂ.૯૦૦** ગણવેશ સહાય પેટે આપવામાં આવે છે. **જેના માટે રૂ.૧૨૦.૦૦ કરોડની જોગવાઈ. અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને આનો સીધો લાભ થશે.**

## **આદિજાતિની કન્યાઓ માટે વિદ્યાસાધના યોજના:**

- ધો. ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હેતુથી વિદ્યાસાધના યોજના સાયકલ ભેટ આપવામાં આવે છે. જેનાથી અંદાજે **૩૮,૯૦૦ કન્યાઓને સાયકલ ભેટનો લાભ મળશે. જેના માટે રૂ.૨૦.૫૦ કરોડની જોગવાઈ.**

## **ટેલેન્ટ પુલ યોજના:**

- આદિજાતિના બાળકોને ઉત્તમકક્ષાના આવાસીય વિદ્યાલયમાં ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમકક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરાબરી કરી શકે તે માટે ટેલેન્ટ પુલ યોજના હેઠળ **અંદાજે ૨૧૬૨ જેટલાં તેજસ્વી વિદ્યાર્થીઓને લાભ મળશે. જેના માટે રૂ.૧૩.૭૦ કરોડની જોગવાઈ.**

## **પોસ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ:**

- આદિજાતિના **૨ લાખ કરતા વધારે વિદ્યાર્થીઓને** પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે **રૂ.૫૮૪.૨૦ કરોડની જોગવાઈ.**

## **ઉચ્ચ અભ્યાસક્રમો ક્ષેત્રે ખાસ કરીને પી.જી.મેડિકલ ક્ષેત્રે ઉજ્વળ કારકીર્દી બનાવનાર વિદ્યાર્થીનીઓ**

૧. વિદ્યાર્થીની નામે **પારગી ખુશ્બુ રામજીભાઇ, મુ.સર્મી, તા. સંતરામપુર, જિ. મહીસાગર**ના વતની છે. તેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૧૭.૦૦ લાખ છે. ખુશ્બુ પારગીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. રેડિયોલોજી અભ્યાસક્રમમાં **વર્ષ:૨૦૧૮–૧૯**માં પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની **વાર્ષિક ફી રૂા. ૩૦.૦૦ લાખ** છે જે પૈકી તેઓને **રૂા.૨૮.૦૨ લાખ**

મુજબ **ત્રણ વર્ષના કુલ રૂ. ૮૪.૦૬ લાખ (અંકે રૂપિયા ચોર્યાસી લાખ છ હજાર પુરા) શિષ્યવૃત્તિ** તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવ ભથ્થુ તથા પરીક્ષા **ફી રૂ.૨૬,૬૦૦** પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

૨. વિદ્યાર્થીની નામે **ચૌધરી ફાલ્ગુની સુરેશભાઇ, મુ.ઉમરકચ્છ,તા. ડોલવણ, જિ. તાપી**ના વતની છે. તેઓના વાલીની વાર્ષિક આવક **રૂ.૧૧.૦૦ લાખ** છે. ફાલ્ગુની ચૌધરીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. રેડિયોલોજી અભ્યાસક્રમમાં **વર્ષ:૨૦૧૮-૧૯માં** પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની વાર્ષિક ફી **રૂા. ૩૦.૦૦ લાખ** છે જે પૈકી તેઓને **રૂા.૨૮.૦૨ લાખ** મુજબ ત્રણ વર્ષના **કુલ રૂ. ૮૪.૦૬ લાખ** (અંકે રૂપિયા ચોર્યાસી લાખ છ હજાર પુરા) શિષ્યવૃત્તિ તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી **રૂ.૧૮,૪૦૦** પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

૩. વિદ્યાર્થીની નામે **વળવી શ્રેયલ શશિકાંતભાઇ, મુ.જામણ,તા. ઉચ્છલ, જિ. તાપી**ના વતની છે. તેઓના વાલીની **વાર્ષિક આવક રૂ.૫.૦૦ લાખ** છે. શ્રેયલ વળવીએ મેડીકલ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ સી.યુ.શાહ મેડીકલ કોલેજમાં એમ.ડી. ગાયનેક અભ્યાસક્રમમાં **વર્ષ:૨૦૧૮-૧૯માં** પ્રવેશ મેળવેલ હતો. જે અભ્યાસક્રમની **વાર્ષિક ફી રૂ.૨૨.૦૦ લાખ** છે જે પૈકી તેઓને **વાર્ષિક રૂા. ૨૦.૫૫ લાખ** મુજબ ત્રણ વર્ષના કુલ **રૂ. ૬૧.૬૫ લાખ** (અંકે રૂપિયા એકસઠ લાખ પાસઠ હજાર પુરા) શિષ્યવૃત્તિ તથા આ ઉપરાંત અન્ય મળવાપાત્ર ફી જેમ કે નિભાવભથ્થુ તથા પરીક્ષા ફી **રૂ.૨૪,૪૦૦** પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ સહાય પેટે આપવામાં આવેલ છે.

## ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળા:

- રાજયમાં કાર્યરત **૬૬૧** ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓના **અંદાજિત ૧,૦૧,૪૯૩** બાળકોને જમવા, ગણવેશ, સ્ટેશનરી અને અન્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવી લાભાન્વિત કરવા માટે **રૂ.૫૦૯.૪૨ કરોડની જોગવાઈ.**

**ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલય:**

- રાજયમાં કાર્યરત **૯૨૦** ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા **૫૦,૩૩૬** વિદ્યાર્થીઓને નિવાસ અને ભોજનની સુવિધાઓ કાર્યક્ષમ વ્યવસ્થા પૂરી પાડવા **રૂ.૧૩૮.૫૫ કરોડની જોગવાઈ.**

**સરકારી કુમાર/કન્યા છાત્રાલયો:**

- રાજયમાં કાર્યરત **૧૭૫** સરકારી છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા **૧૯,૩૪૦ વિદ્યાર્થીઓને** નિવાસ અને ભોજનની સુવિધાઓ કાર્યક્ષમ વ્યવસ્થા પૂરી પાડવા **રૂ.૧૩૦.૮૧ કરોડની જોગવાઈ.**

**આદર્શ નિવાસી શાળાઓ:**

- રાજયમાં અનુસૂચિત જનજાતિની વસ્તી મુખ્યત્વે અંતરિયાળ જંગલ વિસ્તારોમાં તથા ડુંગરાળ પ્રદેશોમાં વસવાટ કરે છે. જયાં શૈક્ષણિક સુવિધાઓ અપુરતી હોવાના કારણે શિક્ષણનું પ્રમાણ ઓછું હોઈ આદિજાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી આદિજાતિ વિસ્તારોમાં **૭૫ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત** છે. જેમાં **ધોરણ ૯ થી ૧૨ સુધીના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં અંદાજે ૧૧,૮૦૦ જેટલાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ લાભ** થાય છે.

  **જેના માટે રૂ.૧૨૨.૧૯ કરોડની જોગવાઇ.**

**સમરસ હોસ્ટેલ:**

- રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, હિંમતનગર, પાટણ, ભૂજ અને જામનગર ખાતે કાર્યરત અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા જેનાથી અંદાજે **૩૯૦૦** અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ થાય છે. **જેના માટે રૂ.૨૪.૮૭ કરોડની જોગવાઇ**

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી:**

- ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (જી.એસ.ટી.ઇ.એસ.), આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર હેઠળની સ્વાયત્ત સંસ્થા છે. આદિજાતિ વિસ્તારમાં આધુનિક સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે તેની રચના કરવામાં આવેલ છે. હાલમાં **સોસાયટી દ્વારા ૧૦૧ શાળાઓનું સંચાલન** કરવામાં આવે છે. **જેના માટે કુલ રૂ.૪૪૫.૫૯ કરોડની જોગવાઇ.**

**કન્યા સાક્ષરતા નિવાસી શાળા (GLRS)માં ભણતી વિદ્યાર્થીનીઓ માટે રીકરીંગ ગ્રાન્ટમાં વધારો:**

- કન્યા સાક્ષરતા નિવાસી શાળા (GLRS) માં ભણતી વિદ્યાર્થીનીઓ માટે રીકરીંગ ગ્રાન્ટમાં પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી દીઠ **રૂ.૫૭,૧૦૦ થી વધારીને રૂ. ૭૦,૦૦૦** કરવા માટે **રૂ.૧૯.૬૭** કરોડની જોગવાઈ. આનો લાભ અંદાજે ૧૫,૨૫૦ વિદ્યાર્થીનીઓને થશે.

**NEET/JEE કોચિંગ આપવા માટેની નવી યોજના:**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીની ૪૩ શાળાઓમાં ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં જોડાય તે હેતુ થી NEET/JEE) કોચિંગ આપવા માટે વિદ્યાર્થી **દીઠ રૂ.૨૦,૦૦૦ એમ આશરે ૧૪૦૦ વિદ્યાર્થીઓ** માટે **રૂ.૨.૮૦ કરોડ કરોડની જોગવાઈ.**

**આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન યોજના :-**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ અનુસાર કોર્પોરેશનને સમગ્ર ગુજરાત રાજયની આદિજાતિ પ્રજાના સામાજીક અને આર્થિક કલ્યાણની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર પ્રાપ્ત થયેલ છે.જેમાં વિદેશમા ઉચ્ચ અભ્યાસ માટે લોનની યોજના **સને-૨૦૦૦-૦૧થી યોજના અમલમાં છે**. ગુજરાત રાજ્યના જુદાજુદા જિલ્લાઓમાં વસ્તા આદિજાતિ શિક્ષિત વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે **વિદ્યાર્થીદીઠ રૂ.૧૫.૦૦લાખ મહત્તમ ૪% વ્યાજનાદરે લોન** આપવામાં આવે છે.ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિજાતિના યુવકો આગળ વધે એ હેતુથી તેમજ આદિજાતિ લોકોને સરળ હપ્તે ઓછા વ્યાજના દરે લોન મળી રહે અને તેઓ આગળ અભ્યાસ કરી ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરી જીવનધોરણ ઊચું લાવી શકે તે માટે આ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં **સને ૨૦૧૨-૨૦૧૩થી સને ૨૦૨૩-૨૪માં વિદેશ અભ્યાસના**

**કુલ-૨૮૩ વિદ્યાર્થીઓને રૂ.૩૯.૨૬ કરોડનુ ધિરાણ ચુકવીને વિદ્યાર્થીઓને લાભ આપવાવામાં આવેલ છે. સને ૨૦૨૨-૨૩ માં ૪૯ વિદ્યાર્થીને તથા ૨૩-૨૪ માં ૩૯ વિદ્યાર્થીને લાભ આપવામાં આવેલ છે.**

**શાળાઓના નવા બાંધકામ માટે વિશેષ જોગવાઇ:**

આદર્શ નિવાસી શાળા, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કુલ્સ તેમજ ગર્લ્સ લિટરસી સ્કુલ્સના નવા બાંધકામ માટે કુલ **રૂ.૫૩૯.૦૦ કરોડની જોગવાઇ.**

**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી**

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળા, જિ. નર્મદા મુકામે કાર્યરત છે. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી માટે **રૂ.૩૪૧ કરોડ**ના ખર્ચે આધુનિક કેમ્પસના નિર્માણની કામગીરી પૂર્ણતાના આરે છે. આગામી શૈક્ષણિક **વર્ષ ૨૦૨૪-૨૫થી** નવા કેમ્પસમાં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ થશે. આ નવું કેમ્પસ કુમાર છાત્રાલય, કન્યા છાત્રાલય, ભોજનાલય, ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ, એડમીન બિલ્ડીંગ, ઓડિટોરીયમ, લાયબ્રેરી, સ્પોર્ટ કોમ્પ્લેક્ષ વીથ ગ્રાઉન્ડ (ઈન્ડોર એન્ડ આઉટડોર) વગેરે સુવિધાયુકત હશે. યુનિવર્સિટીના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધન કાર્યો માટે **રૂ.૬.૧૭ કરોડની જોગવાઈ.**

**ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક (ઇન્સેન્ટીવ) સહાય યોજના:**

- ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પ્રોત્સાહન આપવા માટે નવી ઈન્સેન્ટીવ સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ માં **રૂ.૪૬.૭૫ કરોડની જોગવાઇ. કુમાર માટે રૂા. ૨૫૦૦૦ વાર્ષિક અને કન્યા માટે રૂા. ૩૦૦૦૦ વાર્ષિક સૂચિત છે. અંદાજે ૧૭૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળશે.**

## આરોગ્ય:

**દૂધ સંજીવની યોજના:**

રાજયના પ્રાથમિક શાળાઓ, આશ્રમશાળાઓના આદિજાતિ બાળકોના પોષણનું સ્તર વધે, બાળકો શાળાએ નિયમિત આવે અને વધારાનું પોષણ મળે તે માટે આદિજાતિ વિસ્તારના **પર(બાવન) તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના** શરૂ કરેલ છે. જેમાં બાળકોને ૨૦૦ **મી.લી. ફોર્ટીફાઈડ દૂધ** અપાય છે. આ યોજના અંતર્ગત હાલ આપવામાં આવતા

**૧.૫%** ફેટના દૂધના ફેટમાં વધારો કરી **૪.૫%** ફેટ કરવામાં આવશે. જેનાંથી હવે અંદાજે **૧૦ લાખ બાળકોને** વધુ પોષણક્ષમ દૂધનો લાભ મળતો થશે.

**જેના માટે રૂ.૩૦૩.૧૫ કરોડની જોગવાઈ.**

**મફત તબીબી સહાય યોજનાઃ**

- અનુસુચિત જનજાતિના લોકોને મફત તબીબી સહાય યોજના અંતર્ગત ક્ષય, રક્તપિત, કેન્સર, સીકલસેલ એનિમિયા, થેલેસેમિયા, એઈડ્સ, સ્ત્રીઓને થતા પાંડુરોગ જેવા ગંભીર રોગોની સારવાર માટે હાલ આપવામાં આવતી સહાયમાં વધારો કરી વિવિધ રોગો મુજબ સહાય રૂ.૨૦૦૦ થી રૂ.૨૫૦૦ સુધી વધારવામાં આવશે.

  **જેના માટે રૂ.૪૩.૩૨ કરોડની જોગવાઈ.**

**આદિજાતિ વિસ્તારોમાં નવી હોસ્પિટલ/નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટે બેંક લોન પર સહાય:**

- રાજ્યના આદિજાતિ વિસ્તારના લોકોને આરોગ્યની અદ્યત્તન સુવિધાઓ મળી રહે અને યુવા MD/MS આદિવાસી ડોક્ટરોને સ્વરોજગાર થકી આર્થિક રીતે સક્ષમ બનાવવા તથા આદિવાસી વિસ્તારોમાં સ્પેશ્યાલિટી/મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પીટલની સુવિધા નથી તેવા વિસ્તારોમાં હોસ્પીટલો શરૂ કરવા માટે **બેંક લોન સામે ૫૦% સહાય વધુમાં વધુ રૂ.૬૦ લાખની મર્યાદામાં સહાય આપવાની યોજના માટે રૂ.૯.૪૫ કરોડની જોગવાઈ. તેમજ,**

  MBBS/BDS વગેરે ડીગ્રી ધરાવતા હોય તેઓને જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટે બેંક લોન સામે ૫૦% સહાય વધુમાં વધુ રૂ.૨૫ લાખની મર્યાદામાં આપવાની નવી યોજના અંતર્ગત **રૂ.૩.૯૩ કરોડની જોગવાઇ.**

**સામુદાયિક વિકાસની અન્ય બાબતો:**

**ન્યુ ગુજરાત પેટર્ન**

રાજ્યમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે **"ગુજરાત પેટર્ન"** ની યોજના **વર્ષ ૧૯૯૭-૯૮થી** અમલમાં મૂકેલ છે. આ પેટર્નની મુખ્ય ખાસિયત આ મુજબ છે.

- સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરિયાત અનુસારનું આયોજન
- સત્તાનું વિકેન્દ્રીકરણ

- વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારી

છેલ્લા પાંચ વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ રૂપિયા **૨૦૦૦ કરોડથી** વધારેની જોગવાઈ કરી **૬૫૦૦૦ થી** વધારે કામો મંજૂર કરવામાં આવેલ છે.

ચાલુ **વર્ષ ૨૦૨૩-૨૪માં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈનાં દરમાં બમણો વધારો** કરી આગામી વર્ષથી દરેક વિભાગો દ્વારા કરવામાં આવતી ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ જોગવાઈમાં વધારો કરવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે.

**આવાસ સહાયઃ**

- હળપતિ બોર્ડ દ્વારા **૨૪૭૫** જેટલા હળપતી આવાસોના નિર્માણ માટે **રૂ.૨૯.૭૦ કરોડની જોગવાઇ** જ્યારે અનુસુચિત જનજાતિના લોકોને આપવામાં આવતી વ્યક્તિગત આવાસ સહાય યોજના હેઠળ ૪૧૮૫ લાભાર્થીઓ માટે **રૂ.૫૦.૨૨ કરોડની જોગવાઇ** મળી **કુલ રૂ.૭૯.૯૨ કરોડની જોગવાઇ.**

**રોજગારી / આજીવિકાઃ**

- **સંકલિત ડેરી વિકાસ યોજના(IDDP)** હેઠળ દૂધાળા પશુ એકમદીઠ હાલની યુનિટ કોસ્ટ રૂ.૭૦,૦૦૦માં **રૂ.૨૦,૦૦૦ નો વધારો કરી નવી યુનિટ કોસ્ટ રૂ.૯૦,૦૦૦** કરવામાં આવશે. જેમાં ગુજરાત સરકાર અને ભારત સરકારની સહાયની **કુલ રકમ રૂા. ૪૫,૦૦૦ થી** વધીને **રૂા. ૫૮,૦૦૦** થશે. જ્યારે ગુજરાત આદિવાસી વિકાસ નિગમ (GTDC) દ્વારા ઓછા વ્યાજના દરે આપવામાં આવતી લોનની **રકમ રૂ.૨૨,૫૦૦ થી વધીને રૂ.૨૯,૦૦૦ થશે.**

  **જેના માટે રૂ.૧૩.૦૦ કરોડની વધારાની જોગવાઇ.**

  આદિજાતિ વિસ્તાર માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આદિજાતિના ૧૦,૦૦૦ જેટલા લાભાર્થીઓ માટે **રૂ.૪૫.૦૦ કરોડની ખાસ જોગવાઇ.**
- આદિજાતિના યુવાનો સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી બાંધકામ તથા કૃષિક્ષેત્રે મોટા કદના મશીનો (ઓટોમેટીક હાયડ્રોલિક ઈંટ બનાવવાનું મશીન, કોંક્રીટ બ્લોક બનાવવાનું મશીન, **ડીઝલ એન્જિન, કોંક્રિટ ટ્રન્ઝિટ મીક્ષર, હેવી ડ્યુટી કોંક્રીટ કટીંગ મશીન, ડિઝલ જનરેટર, કૃષિ ક્ષેત્રે વપરાતા ડ્રોન, વેલ્ડિંગ મશીન, ૫ HP કોંક્રિટ પાવર ટ્રોવેલ, JCB જેવા)** ખરીદવા માટે બેંકમાંથી મેળવેલ લોન પર **૫૦%** સહાય વધુમાં વધુ ૩૫ લાખની મર્યાદામાં આપવા માટેની નવી યોજના માટે **રૂ.૫.૫૧ કરોડની જોગવાઇ.**

- **આદિજાતિના કાયદા સ્નાતક વકિલાતની પ્રેક્ટિસ** કરી સ્વનિર્ભર બની શકે તે હેતુથી ફાળવવામાં આવતા હાલના સ્ટાઈપેન્ડ **રૂ.૫૦૦૦ થી રૂ.૧૦૦૦૦ સુધી વધારવામાં** આવશે.

  **જેના માટે રૂ.૨.૪૫ કરોડની વધારાની જોગવાઇ.**
- આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા ખેડૂતોને સહાયની યોજના હેઠળ **રૂ.૭.૫૦ કરોડની જોગવાઈ.**
- આદિજાતિ વિસ્તાર માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિના ૭૮૦૦૦ જેટલા લાભાર્થીઓ માટે **રૂ.૩૫.૦૦ કરોડની ખાસ જોગવાઇ.** આ યોજના હેઠળ કીટ્સમાં બાજરો, સોયાબીન, મગફળી, જુવાર, તુવેર, ડાંગર, અડદ, નાગલી, ભીંડા, રીંગણના સુધારેલ બિયારણ તથા ૫૦ કિલો પ્રોમ (PROM) (Phosphate Rich Organic Manure), **૫૦૦ મી.લી.** નેનો યુરિયા અને ૫૦ કિલો DAP આપવામાં આવે છે.
- ગુજરાતના રાજયના આદિજાતિ ખેડુત લાભાર્થીઓને કુષિ યાંત્રિકિકરણ માટે સાધન સહાય (રોટાવેટર / થ્રેશર મશીન) આપવા માટે સહાય યોજના હેઠળ **રૂ.૫.૦૦ કરોડની જોગવાઇ.**
- આદિજાતિ ખેડુતો માટે વ્યક્તિગત ૨૫ હોર્સ પાવર સુધીના મીની ટ્રેકટર આપવા માટેની યોજના હેઠળ **રૂ.૧૦.૦૦ કરોડની જોગવાઇ.**
- સરકારી/PPP મોડેલથી સંચાલિત સંસ્થાઓ મારફતે વ્યવસાયલક્ષી તાલીમ (VTC) આપવા માટે **રૂ.૮.૦૦ કરોડની જોગવાઇ.**
- બકરા ઉછેર યોજના હેઠળ **રૂ.૯.૦૦ કરોડની જોગવાઇ.**
- આદિજાતિ ખેડુતોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે ઉદ્વહન સિંચાઈ યોજના માટે **રૂ.૬૭.૨૧ કરોડની ખાસ જોગવાઇ.**
- રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં આવેલ **૫૦૦૦ થી વધુ દૂધઘરો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ** લગાવવા નાણાકીય સહાય પુરી પાડવા માટેની નવી યોજના માટે રૂ**.૨૫.૯૧ કરોડની જોગવાઇ.** તેનાથી દૂધ મંડળીઓના દૂધઘરોના વીજબીલનું ભારણ ઘટશે.
- હળપતિઓ અને આદિમજુથોને પાયાની સુવિધાઓ મળી રહે તે માટે મુખ્યમંત્રી આદિમજુથ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ **રૂ.૧૨૭.૨૧ કરોડની જોગવાઈ.**

- દુર્ગમ આદિજાતિ વિસ્તારના છેવાડાના ગામોના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધા આપવા અંગે મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ **રૂ.૧૦૦ કરોડની જોગવાઇ.**
- **માનવ ગરીમા યોજના** હેઠળ અંદાજે **૧૨,૪૦૦** જેટલા લોકોને સ્વરોજગારીનો લાભ આપવામાં આવનાર છે. જેના માટે **રૂ.૧૬.૫૦ કરોડની જોગવાઈ.**

## વન અધિકાર અધિનિયમ હેઠળના ખેડૂતો માટેની મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના:

વન વિસ્તારમાં રહેતા આદિજાતિઓ અને પરંપરાગત વનવાસીઓ કે જેઓ પેઢીઓથી વનમાં રહે છે. વન્ય જમીનમાં ખેતી કરે છે અને વન તેમજ વન્ય પેદાશોમાંથી પોતાની પ્રાથમિક આજીવિકા મેળવી જીવનનિર્વાહ કરે છે. વન અધિકાર અધિનિયમ હેઠળ રાજ્યમાં **કુલ ૯૭,૩૪૨** મંજૂર વ્યક્તિગત દાવાઓ હેઠળ **૬૬,૩૧૫ હેક્ટર જમીનના ખેડાણ** હક્ક આપવામાં આવેલ છે. આ વન અધિકાર અધિનિયમ હેઠળ ખેડૂતો દ્વારા આધુનિક પધ્ધતિ દ્વારા ખેતી કરતા થાય તે માટે જમીનનું લેવલીંગ, સિંચાઈની સુવિધા તથા ખેતીના આધુનિક સાધનો દ્વારા ખેતી કરી શકે તે માટે લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓનો લાભ આપવા માટે આગામી **વર્ષ–૨૦૨૪–૨૫ માટે રૂ.૧૦.૦૬ કરોડની જોગવાઇ.**

**तु अपने घर मे दिप जलाकर मत रुक जाना**
**कुछ दिप चोराहे पर भी रख आना जो लोग भटकते है**
**अंधेरी राहो पर उनके पथ मे भी उजाला कर आना ।**

## પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM JANMAN)

માન.પ્રધાનમંત્રીશ્રીએ ઝારખંડના રાંચી જિલ્લાના ખુંટી ગામથી જનજાતિ ગૌરવ દિવસ – તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ દેશના **૧૮ રાજ્યો** અને કેન્દ્રશાસિત પ્રદેશમાં વસવાટ કરતા ૭૫ આદિમજૂથ સમુદાયોના સર્વાંગી વિકાસ માટે **"પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM જનમન)"** ની જાહેરાત કરી હતી.

આગામી ત્રણ વર્ષ માટે આ અભિયાન અંતર્ગત ભારત સરકાર દ્વારા **૩.૨૪,૦૦૦** કરોડની જોગવાઈ હેઠળ વિવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવનાર છે. જેમા ભારત **સરકારના ૯ મંત્રાલયો દ્વારા ૧૧ મુદ્દાઓમાં પર કામગીરી** હાથ ધરવામાં આવશે.

ગુજરાત રાજ્યમાં **પાંચ આદિમજૂથ સમુદાયો** (૧) **કોટવાળીયા** (૨) **કોલચા–કોલઘા** (૩) **કાથોડી** (૪) **પઢાર** (૫) **સિદ્દી વસવાટ** કરે છે. જેઓની રાજયના **૨૦ જિલ્લાઓમા અંદાજે ૩૧ હજાર કુટુંબો** અને **૧.૫૦ લાખ** જેટલી વસતી રહેલ છે.

**PM જનમન** અભિયાન હેઠળ આદિમજૂથના કુટુંબો અને વિસ્તારની જરૂરીયાતોની ખુટતી સુવિધાઓની પૂર્તિ કરવા માટે આગામી ત્રણ વર્ષ દરમિયાન નિયત થયેલ સુવિધાઓ તમામ વ્યક્તિઓ સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

છેવાડાના વિસ્તાર સુધી આ ટ્રાયબલની યોજના આપનારી સરકાર છે. ત્યારે રાજયના **તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમારા આદિજાતિ વિસ્તારોને આગળ લઈ જવા વનબંધુ કલ્યાણ શરૂ કરી અને આજે એ યોજનાનો બીજો તબક્કો શરૂ કરીને એના માટે ૧ લાખ કરોડની જોગવાઈ કરેલ છે.** અમારા આદિજાતિ વિસ્તારમાં ડુંગરાળ વિસ્તાર આવેલા છે. ત્યાં દરેક વ્યકિત પાસે મોબાઇલ છે, હવે મોબાઇલના ટાવર પકડાતા નથી તેના માટે પણ અમારી સરકારે આદિજાતિ વિસ્તારમાં નેટવર્ક ઉભું કરવા માટે **૫૦૦ નવા મોબાઈલ ટાવર બે વર્ષમાં ઉભાં** કરવા માટેની યોજના દાખલ કરી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

આજે હું મારા મતવિસ્તારમાં આવેલ માનગઢની વાત કરું તો એ ધરતી પર અમારા શહીદવીરો થયા હતા. અમારા વિસ્તારમાં ગોવિંદ ગુરુએ આદિજાતિ ભાઈઓને જાગૃત કરવાનું કામ કર્યું હતું અને દેશને આઝાદ કરવા માટે **૧,૫૦૦ જેટલા આદિજાતિ ભાઈઓ શહીદ થયા હતા.** મારે એ વાત કરવી છે કે અમારા આદિજાતિઓની અગાઉની સરકારએ કોઈ ચિંતા નહોતી કરી, ત્યારે અમારા ગોવિંદ ગુરુએ અમારા ભાઈઓને જાગૃત કરવાનું કામ કરવાનું કામ કર્યું છે. ત્યારે મને ગોવિંદ ગુરુએ એક રાષ્ટ્રભાવના જાગ્રત કરવા માટે જ ભજન ગાયું હતું એ રજૂ કરવાની અનુમતિ મળે.

**માનગઢમાં મારી ધૂણી છે ભુરેટીયા નઈ માનુ રે,**
**ઝાલોદમાં મારી કુંડી છે ભુરેટીયા નહિ માનુ રે.**
**દાહોદમાં મારી થાળી છે ભુરેટીયા નહિ માનુ રે,**
**ગોધરામાં મારી લગામ છે, ભુરેટીયા નહિ માનુ રે.**
**અમદાવાદમાં મારી જાજમ છે, ભુરેટીયા નહિ માનુ રે,**
**બેણેશ્વર (રાજસ્થાન) મારો ચોપડો છે, ભુરેટીયા નઈ માનુ રે.**
**દિલ્હીમાં મારી કલમ છે ભુરેટીયા નહિ માનુ રે.**

**માન.અધ્યક્ષશ્રી,**

અંગ્રેજો વખતે આવું ભજન ગાયું હતું અને લોકોને ખૂબ જાગૃત કર્યા હતા. એટલે માનગઢમાં મારી ધૂણી એટલે આદિવાસી સમાજના લોકોને જાગૃત કરવા માટે શરૂ કરી હતી, એટલે જેમાં ભજન કિર્તન પૂજાપાઠ થતા હતા. ઝાલોદમાં નગારૂ છે જેને વગાડીને લોકોને એકત્રિત કરવામાં આવતા હતા. દાહોદમાં મારી થાળીએ એટલે બધા લોકો થાળી લઈને જમવા જાય. ગોધરામાં ઘોડેસવારીનું આયોજન કરવામાં આવતું હતું. અમદાવાદમાં મારી જાજમ એટલે કે ગોવિંદ ગુરુ સહિત સમાજના લોકોને પુરેલા હતા એમના માટે જેલમાં જાજમ પથરાતી હતી. એવા ગીત ગાતા અને બેણેશ્વર એટલે કે રાજસ્થાન મારો ચોપડો છે એટલે કે ઈતિહાસ છે અને દિલ્હીમાં મારી કલમ છે એટલે કે કાયદો લખાયેલ છે એવો **ઈતિહાસ ગાતા હતા**. આજે પણ અમારી ગાદી દિલ્હીમાં છે **સન ૨૦૨૪માં તમારો કોઈ મેળ પડવાનો નથી.** ગામે ગામ ગમે તેટલો વિરોધ કરો કે ધમપછાડા કરો અમારી સરકાર છે અમારા મોદી સાહેબ છે.

સાબરકાંઠા જિલ્લાનું પાલ દઢવાવ, જ્યાં ખેલાયો'તો જલિયાવાલા બાગ જેવો **હત્યાકાંડ – ૧૯૨૨ની ૭મી માર્ચે મોતીલાલ તેજાવતની આગેવાની હેઠળ થયેલો દર્દનાક સંઘર્ષ – બ્રિટિશ અર્ધલશ્કરી દળના અંગ્રેજ અમલદાર એચ.જી. સટ્ટને નિ:હત્થા અને નિર્દોષ આદિવાસીઓ ઉપર અંધાધૂધ ગોળીબાર કરાવ્યો હતો**

**૧૨૦૦ શહીદોની યાદગીરીરૂપે ૧૨૦૦ વૃક્ષ રોપી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી માન.નરેન્દ્રભાઈ મોદીએ શહીદવન ઉભું કરી** આ ઘટનાને ઈતિહાસના પાને જીવંત બનાવી, મા ભોમની રક્ષા કાજે અનેક વીર શહીદોએ આપેલાં

બલિદાનોને કારણે આપણો દેશ સ્વતંત્ર બન્યો, જો કે, ગણી–ગાંઠી ઘટનાઓ જ ઈતિહાસના પાને લખાઇ છે. તેનાથી અધિક ઘટનાઓ ભૂતકાળનું ઓઢણું ઓઢીને વિસ્મૃત બની ગઈ છે.

ભારતની આઝાદીની લડાઈમાં અનેક શહીદોએ પ્રાણની આહુતિ આપી હતી. જેમાં **વિજયનગર તાલુકા તથા ખેરવાડા ઝાડોલ રાજસ્થાનના ૧૨૦૦થી વધુ સ્વાતંત્ર્યવીરોએ આઝાદીના લડવૈયા રાજસ્થાનના કોલીયારીના વતની અને ભીલોના ગાંધી તરીકે ઓળખાતા મોતીલાલ તેજાવતની આગેવાની હેઠળ મોત વ્હાલું કરી શહાદત વ્હોરી હતી.**

**૧૯૧૯માં પંજાબ પ્રાંતના જલિયાવાલા બાગ હત્યાકાંડમાં અનેક લોકોએ પોતાના પ્રાણોની આહુતિ આપ્યાના ત્રણ જ વર્ષ બાદ રજવાડા વખતના પાલ રાજવીના તાબા હેઠળના પાલ દઢવાવ ખાતે પણ મેવાડના સ્વાતંત્ર્યવીર ભીલોના ગાંધી એવા મોતીલાલ તેજાવતના વડપણ હેઠળ ૧૯૨૨ની ૭મી માર્ચે નદી હેરમાતાના કાંઠા સભા યોજવામાં** આવી હતી. જેના સમાચાર સાંભળી ખેરવાડા રાજસ્થાન સ્થિત મેવાડ ભીલ કોપર્સ નામના બ્રિટીશ અર્ધલશ્કરી દળના અંગ્રેજ અમલદાર **એચ.જી.સટ્ટને** લશ્કર ખડકી દીધું. જેમાં નિ:હત્થા અને નિર્દોષ આદિવાસીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો. જેમાં **૧૨૦૦થી** વધુ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા.

# **પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

**શિક્ષણ સૌથી શક્તિશાળી હથિયાર છે.**
**જેનો ઉપયોગ દુનિયા બદલવા કરી શકાય–નેલ્સન મંડેલા**

**માન.અધ્યક્ષશ્રી,**

ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવ પ્રતિભા અને સંસાધનોના મહત્તમ વિકાસ અને સંવર્ધન માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે.

આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસ્તી હશે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક અવસર પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે.

ભારતના સર્વાંગી વિકાસ, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો તેમજ વૈશ્વિક સ્તર પર ભારતના નેતૃત્વને મજબૂતી પ્રદાન કરવા માટે ગુણવત્તાયુક્ત અને સર્વવ્યાપી શિક્ષણ ચાવીરૂપ છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને સાકાર કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અસરકારક અમલીકરણ થકી અમૃતકાળમાં ભારતના જ્ઞાન આધારિત સમાજ અને વિશ્વગુરૂ બનવાના તથા ફાઇવ ટ્રીલીયન ડોલર ઇકોનોમીના ધ્યેયને સાકાર કરવા માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે.

## **નમો સરસ્વતી યોજના**

- રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨નું ભવિષ્યલક્ષી ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો પ્રાપ્ત થાય તે હેતુથી સરકારે વિવિધ મેરિટ સ્કૉલરશિપ યોજનાઓ તેમજ સ્કુલ વાઉચર યોજનાઓ અમલી કરેલ છે. જે અંતર્ગત **વર્ષ 2023–24માં કુલ 60,000 તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તેમજ સ્કુલ વાઉચર્સ આપવામાં આવેલ છે.**
- રાજ્યના સરકારી અને અનુદાનિત શાળાઓના **1.50 લાખ** તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ 6 થી 12નું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું રેસીડેન્શીયલ શિક્ષણ મળી રહે તે હેતુથી રાજ્યમાં **કુલ 75** જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કૂલ્સ અને જ્ઞાનશક્તિ ટ્રાસબલ

રેસીડેન્શીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સની યોજના શરૂ કરવામાં આવી હતી. જે પૈકી **વર્ષ 2023-24માં 20** જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવી છે જેમાં આશરે **5,000થી વધુ વિદ્યાર્થીઓએ** ધોરણ 6માં પ્રવેશ મેળવ્યો છે. **બાકીની 55 જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ વર્ષ 2024-25માં શરૂ થશે.**

- તે જ રીતે **5,000** તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ 6 થી 12નું શ્રેષ્ઠ ગુણવત્તાવાળું રેસીડેન્શીયલ સૈનિક શિક્ષણ મળી રહે તે માટે રાજ્યમાં **કુલ 10** રક્ષા શક્તિ સ્કૂલ્સની યોજના શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત **વર્ષ 2023-24માં 5 રક્ષા શક્તિ સ્કૂલ્સ શરૂ કરવામાં આવી છે અને બાકીની 5 સ્કૂલ્સ વર્ષ 2024-25માં શરૂ થશે.**
- એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઇ.ટી. અને સંલગ્ન તકનીકો મહત્વનો ભાગ ભજવવાની છે. વધુમાં ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહ (STEM-Science, Technology, Engineering, Math's)નું શિક્ષણ જરૂરી છે. **વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2024-25થી નમો સરસ્વતી યોજના અંતર્ગત વિજ્ઞાન સાધના સ્કોલરશીપ શરૂ કરવામાં આવશે,** જેમાં ધોરણ 10ની પરીક્ષા પાસ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ લેવા માટે પ્રોત્સાહિત કરવા આવશે.
- આ યોજના અંતર્ગત, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને, **ધોરણ-૧૧માં ૧૦ હજાર અને ધોરણ-૧૨ માં ૧૫ હજાર મળી કુલ ૨૫ હજારની સહાય આપવામાં આવશે.** આ યોજનાથી આગામી પાંચ વર્ષમાં ધોરણ-11 અને 12 વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધી ૫ લાખ થવાની ધારણા છે.
- **હાલની સ્કોલરશીપ યોજનાઓ મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ, મુખ્યમંત્રી વિજ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ, જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અને રક્ષાશક્તિ સ્કૂલ્સને વર્ષ 2024-25થી નમો સરસ્વતી યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે.**

- નમો સરસ્વતી યોજના અંતર્ગત આવરી લેવામાં આવેલ વિવિધ યોજનાઓ પેટે **વર્ષ 2024–25 માટે કુલ રૂ.520 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.**

## નમો લક્ષ્મી યોજના

વિકસિત ગુજરાત @૨૦૪૭ની સંકલ્પનામાં કિશોરીઓની ભૂમિકા મહત્વની છે. **અમારી સરકાર દ્વારા મહિલાઓના શૈક્ષણિક આર્થિક સામાજિકઅને રાજનૈતિક વિકાસ માટે બેટી બચાવો બેટી પઢાઓ, વુમન હેલ્પલાઇન, નારી શકિત પુરસ્કાર, સરસ્વતિ સાધના, નારી શકિત વંદન અધિનિયમ, વન સ્ટોપ સેન્ટર, મહિલા ઇ–હાટ, મહિલા પોલીસ વોલેન્ટીયર** જેવી યોજનાઓ અમલમાં છે.

ભવિષ્યની માતૃશક્તિના સ્વરૂપમાં સ્વસ્થ અને શિક્ષિત સમાજના નિર્માણમાં તેઓનું યોગદાન અમૂલ્ય છે. તેમના પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન આપવા અમારી સરકારે **"નમો લક્ષ્મી યોજના"**ની જાહેરાત કરી છે. સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરનાર પાત્રતા ધરાવતી **અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને ધોરણ–૯ અને ૧૦ માટે વાર્ષિક ₹ ૧૦ હજાર તેમજ ધોરણ–૧૧ અને ૧૨ માટે વાર્ષિક ₹ ૧૫ હજારની સહાય આપવામાં આવશે. આમ, આ યોજના હેઠળ ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ ₹ ૫૦ હજારની સહાય**

રાજયની મોટાભાગની સરકારી પ્રાથમિક શાળાઓ ભૌતિક સગવડો સાથે સ્માર્ટ અને ડિજિટલ બની છે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ નવા ઓરડાઓ, સ્માર્ટ કલાસરૂમ અને શાળાઓને કોમ્પ્યુટરથી સુસજ્જ કરવાની કાર્યવાહી હાલમાં થઈ રહેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને શાળાઓની કામગીરીનું અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી **રિઅલ ટાઇમ મોનિટરિંગ કરવા દેશનું સર્વપ્રથમ "વિદ્યા સમીક્ષા કેન્દ્ર" ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ છે. દેશ–વિદેશના ઘણા મહાનુભાવોએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઇ તેને શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશ અને વિકાસશીલ દેશો માટે એક અનુસરણીય મૉડેલ ગણાવ્યું છે.**

**તા. ૧૯–૦૨–૨૦૨૪ના** રોજ **વર્લ્ડ બેન્કના કાર્યક્રમ ''ઇન્ડીયા સમીટ ઓન એજ્યુકેશન નોલેજ એકસચેન્જ'' માં ૧૩ દેશોના શિક્ષણ મંત્રીશ્રીઓ** અને શિક્ષણ ક્ષેત્રે કામ કરતા અધિકારીઓના પ્રતિનિધિ મંડળ દ્વારા વિદ્યા સમિક્ષા કેન્દ્રની મુલાકાત કરવામાં આવી. જે આપના દેશ અને ગુજરાત રાજય માટે ગૌરવની વાત છે.

## મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ વર્ષ– 2023-24 દરમિયાન સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સુદ્રઢ બનાવવાના હેતુથી **રૂ. 3,500** કરોડથી વધુના ખર્ચે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત,
    - 15,000 નવા વર્ગખંડો બનાવેલ છે, તેમજ **15,000થી વધુ નવા વર્ગખંડોનું કાર્ય પ્રગતિ હેઠળ છે.**
    - 25,000 વર્ગખંડોનું અપગ્રેડેશન કાર્ય પૂર્ણ થયેલ છે, **તેમજ 45,000થી વધુ વર્ગખંડોનું અપગ્રેડેશન કાર્ય પ્રગતિ હેઠળ છે.**
    - 65,000થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સ બની ગયેલ છે અને **બીજા 43,000સ્માર્ટ ક્લાસરૂમ્સનું અમલીકરણ પ્રગતિમાં છે.**
    - 5,000થી વધુ કોમ્પ્યુટર લેબ્સ બની ગયેલ છે અને બીજી **15,000 કોમ્પ્યુટર લેબ્સનું અમલીકરણ પ્રગતિમાં છે.**
    - શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે **વિદ્યા સહાયક અને જ્ઞાનસહાયક મળીને કુલ ૨૨,૩૪૯ વર્ષ ૨૦૨૩–૨૪માં નિયુક્તિ કરવામાં આવી છે.**
    - **વર્ષ 2024–25 માટે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક શાળાઓના અપગ્રેડેશન માટે રૂ.૨૭૮૫ કરોડથી** વધુની જોગવાઇ કરવામાં આવી છે.

શિક્ષણની સુવિધાથી અંત્યોદય નાગરિક વંચિત ના રહી જાય એની સરકારે ચિંતા કરીને શિક્ષણમાં રોકાણ કર્યું છે.

- પ્રાથમિક શિક્ષણના સુદ્રઢીકરણ બાદ વર્ષ– 2024-25થી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સુદ્રઢીકરણ માટે **મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ 2.0** શરૂ કરવામાં આવ્યું છે, જેમાં વર્ષ 2023–24 દરમિયાન નીચે મુજબની નોંધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે.

- વિદ્યા સમીક્ષા કેન્દ્રના ટાર્ગેટિડ એનાલિસીસ દ્વારા **ધોરણ 8 થી 9નો ડ્રોપ-આઉટ રેટ, જે 2021-22માં 24% હતો**, તેને **ઘટાડીને વર્ષ 2023-24માં 3% જેટલો થયો છે.**

→ **શાળાનો ડાયસ કોડ ૧૧ આંકડાનો છે.**

→ **ઉ.દા. ૨૪૦૬૦૧૧૫૨૦૧ શાળાનો કોડ છે જેમાં ઉપરોકત કોડનું (વિતરણ)**

→ ૨૪ – ગુજરાત રાજયનો કોડ છે.

→ ૦૬ – ગાંધીનગર જિલ્લાનો કોડ છે.

→ ૦૧ – દહેગામ તાલુકાનો કોડ છે.

→ ૧૫ – રખિયાલ ગામનો કોડ છે.

→ ૨૦૧ – શાળાનો કોડ છે (રખિયાલ ગામ પ્રા.શાળા)

**આ રીતે શાળાના ડાયસ કોડ પર શાળા છે તે જાણી શકાય છે.**

---

**વિદ્યાર્થીઓ યુનિક આઇ ડી. ૧૮ આંકડાનો હોય છે.**

(શાળા ડાયસ કોડ) ૨૪૦૬૦૧૧૫૨૦૧ ૨૦૧૦૦૦૧ (વિદ્યાર્થી કોડ)

૧૧ આંકડા શાળાનો ચાયસ કોડ છે. ૭ આંકડા પાછળના જે વિદ્યાર્થીનો કોડ છે.

→ ૨૦ વિદ્યાર્થીનું જે તે શાળામાં પ્રવેશ વર્ષ દર્શાવે છે.

→ ૧ (૧ નંબર વિદ્યાર્થીકુમાર છે. (૨ નંબર હોય તો કન્યા દર્શાવે છે. )

→ ૦૦૦૧ (૪ આંકડા જે તે શાળામાં વિદ્યાર્થીનો ઓનલાઇન આધાર ડાયસમાં ક્રમ નોંધણી નંબર છે.

**ઉપરોકત વિદ્યાર્થીના યુનિક આઇડી ૧૮ અંકોમાં ૧૧ શાળાનો ડાયસ કોડ અને પાછળા ૭ આંકડા વિદ્યાર્થીનો કોડ છે જેનું વિવરણ કરેલ છે.**

**આ રીતે શાળાના ડાયસ કોડ પરથી શાળા કયા જિલ્લા, તાલુકા, ગામની શાળા છે તે જાણી શકાય છે.**

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના આધારે **ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષા પદ્ધતિમાં સરળીકરણ** માટે મહત્વના નીતિ વિષયક નિર્ણયો કરી અમલમાં મૂકવામાં આવ્યા છે.
- અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે વર્ગ વધારાની પ્રક્રિયાનું સરળીકરણ કરવામાં આવ્યું છે. જે હેઠળ **વર્ષ 2023-24 દરમ્યાન કુલ 450 ઉપરાંત નવા ક્રમિક વર્ગ વધારાને મંજૂરી આપવામાં આવી છે.**

- **આ સાથે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ 2.0 અંતર્ગત રાજ્યની આશરે 5,000 જેટલી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું સુદ્રઢીકરણ કરવામાં આવશે, જેનો સીધો લાભ 17 લાખથી** વધુ વિદ્યાર્થીઓને થશે. જે માટે આ શાળાઓમાં વિવિધ સવલતો ઉભી કરવામાં આવશે, જેવી કે –
  - સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
  - લાયબ્રેરી, લેબોરેટરી જેવી સુવિધાઓ
  - પૂરતા વિષય શિક્ષકો અને સ્ટાફ
  - વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા સઘન મોનિટરીંગ
- આ અંતર્ગત **વર્ષ 2024-25 માટે રૂ. 250 કરોડની જોગવાઈ** અને આવતા **પાંચ વર્ષમાં માટે રૂ 2,000 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- તે ઉપરાંત, **વર્ષ 2024–25થી રાજ્યમાં નવી 162 સરકારી** અને **10 RMSA** માધ્યમિક શાળાઓ શરુ કરવામાં આવશે.

**સ્કૂલ ટ્રાન્સપોર્ટ સુવિધાના વ્યાપ અને પ્રમાણમાં વધારો**

- હાલ રાજ્યના સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા આશરે **2.20 લાખ વિદ્યાર્થીઓ** નજીકની સરકારી શાળાઓમાં સાનુકૂળ રીતે જઈ શકે તે માટે સ્કૂલ ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહી છે, જે માટે **વાર્ષિક રૂ. 130 કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.**
- તે ઉપરાંત સરકારી સાથે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને પણ વર્ષ 2024–25થી સ્કૂલ ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો

લાભ પણ આપવામાં આવશે. જેનાથી ધો.9 થી 12ના અંદાજિત **કુલ 1,00,000 વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ વિદ્યાર્થી દીઠ રૂ.10,000ની ટ્રાન્સપોર્ટ સહાય આપવામાં આવશે.**

- સ્કૂલ ટ્રાન્સપોર્ટેશનની સુવિધાના વ્યાપ અને પ્રમાણમાં વધારા સાથે **વર્ષ 2024–25 માટે કુલ રૂ. 260 કરોડની જોગવાઇ** કરવામાં આવી છે.

**પીએમ પોષણ (PM POSHAN)**

- પીએમ પોષણ યોજના હેઠળ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા **વર્ષ 2024–25 માટે કુલ રૂ.1400 કરોડની જોગવાઇ** કરવામાં આવી છે.
- જે અંતર્ગત અંતર્ગત શાકભાજી, મરી–મસાલા તેમજ ગોળ વગેરે માટે અપાતી વિદ્યાર્થીદીઠ સહાયમાં **60% જેટલા વધારાના ખર્ચ માટે રૂ. 80 કરોડની જોગવાઇ** કરવામાં આવી છે.
- અઠવાડિયે એકવાર **સુખડી યોજના** માટે નિયત થયેલ દર ઉપરાંત વધારાની **રૂ. 14 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- ભોજનની ગુણવત્તા વધારવા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ચાલુ કરેલ વ્યવસ્થાના સારા પરિણામો મળેલ છે. આ વ્યવસ્થાને આગળ વધારતાં 78 આદિજાતિ અને પછાત તાલુકાઓમાં **સેન્ટ્રલાઇઝ કિચન શરૂ કરવા** માટે **રૂ. 25 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.
- રાજ્યના બાલવાટિકાથી ધોરણ 8 સુધીના વિદ્યાર્થીઓને **કુપોષણ મુક્ત શાળા અભિયાન** હેઠળ મુખ્યમંત્રી બાલઅમૃતમ વિશિષ્ટ આહાર (થેરાપેટીક ન્યુટ્રીશન) આપવા માટે આવનારા **પાંચ વર્ષ માટે કૂલ રૂ.750 કરોડની જોગવાઇ**, જે પૈકી **વર્ષ 2024–25 માટે રૂ. 150 કરોડની જોગવાઈ** કરવામાં આવી છે.

**અન્ય અગત્યના પ્રકલ્પો**

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020:**
- **રાજયમાં આજે ધોરણ–૧ થી ૮ માં ડ્રોપ આઉટ રેટ વર્ષ ૨૦૦૧–૦૨ માં ૩૭.૨૨% થી ઘટીને વર્ષ ૨૦૨૨–૨૩માં ૨.૬૮ % થયો છે. તે જ રીતે**
  - વર્ષ ૨૦૨૩–૨૪ થી ગુજરાત રાજ્ય બાલવાટિકા શરૂ કરનાર પ્રથમ રાજ્ય છે. જે અંતર્ગત ૫ વર્ષથી વધું અને ૬ વર્ષથી નાની વયના આશરે **૫ લાખ બાળકોને ૩૧ હજાર** સરકારી પ્રાથમિક શાળાઓમાં **બાલવાટિકા** હેઠળ પ્રવેશ આપવામાં આવેલ છે.
  - રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ–૧ થી ૮ માં ડ્રોપ આઉટ રેટ ૩૭.૨૨% થી ઘટીને વર્ષ ૨૦૨૨–૨૩માં ૨.૬૮ % થયો છે. તે જ રીતે વર્ષ 2030 સુધીમાં માધ્યમિક શિક્ષણમાં 100 ટકા નામાંકન થાય અને તમામ વિદ્યાર્થીઓ ધોરણ–12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલનું સુદ્રઢીકરણ કરવામાં આવ્યું છે. GSOS **(ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલીંગ)** માં ઓનલાઇન સ્ટડી મટીરીયલ, સ્ટડી સેન્ટરોનું અપગ્રેડેશન, વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે વિષય નિષ્ણાંતો વગેરે સવલતો માટે **રૂ. 5 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.**

- **સ્કૂલ મેઈન્ટેનન્સ ગ્રાન્ટ:**

રાજ્યની **32,000 થી** વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં હયાત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જાળવણી માટે વર્ષ 2023–24માં સ્કૂલ મેઈન્ટેનન્સ ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, જે પેટે રૂ. 108 કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે અને **વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ. ૧૪૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.**

- **મફત પાઠ્યપુસ્તક યોજના:–**

આ રાજ્ય સરકાર સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના સૂત્રને આગળ ધપાવીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પૂરા ગુજરાતના તમામ વાલીઓની આવક મર્યાદાને બાધ રાખીને, તમામ સમાજના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપવા માટે રૂપિયા **૧૦૨ કરોડની જોગવાઇ** કરી છે. કોંગ્રેસના શાસનમાં ન પાઠ્યપુસ્તકો હતા કે ન શિક્ષણ હતું મિત્રો, તે ધ્યાન રાખવાની બાબત છે. **તેમાં ૧૯ લાખ વિદ્યાર્થીઓને પૂરા ગુજરાતમાં લાભ મળે છે.**

માનનીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના લક્ષ્યને સિદ્ધ કરવાની દિશામાં આ તમામ પહેલથી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના શિક્ષણમાં, તેમાં પણ ખાસ કરીને કન્યાઓના અને વિશેષમાં વિજ્ઞાન પ્રવાહમાં નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

## ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ

ગુજરાતમાં શિક્ષણનું વિસ્તૃત ફલક, તકનીકી પ્રગતિ અને નવીન અભિગમો દ્વારા સંચાલિત નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જેમ જેમ આપણે વર્ષ ૨૦૨૭ તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ તેમ તેમ, ઝડપથી બદલાતા જતા વિશ્વમાં ઊભરતું ભારત અને એના સંપૂર્ણ સમર્પણ સાથેના સહયોગમાં ખડે પગે રહેતા ગુજરાતમાં સામાજિક, તકનીકી અને આર્થિક ફેરફારોની ગતિશીલ પ્રકૃતિને કારણે શિક્ષણના ભાવિની આગાહી કરવી એ એક પડકારજનક કાર્ય છે.

ભાવિ પ્રગતિ માટે વર્તમાનમાં આપણે સજ્જ હોવા જોઈએ. વર્ષ ૨૦૨૭ વિશે આગાહી કરતાં પહેલાં ગુજરાતના સાંપ્રત સમયની તુલના વર્ષ ૨૦૦૨ સાથે કરીએ.

| **વર્ષ ૨૦૦૨** | **વર્ષ ૨૦૨૪** |
| --- | --- |
| યુનિવર્સિટીની સંખ્યા | **૧૪ થી વધીને ૧૦૮** |
| કોલેજોની સંખ્યા | **૬૮૫ થી વધીને ૩૧૦૦** |
| એન્જિનિયરિંગ કોલેજોની સંખ્યા | **૨૬થી વધીની ૧૩૮** |
| પોલિટેકનીક કોલેજોની સંખ્યા | **૩૦ થી વધીને ૧૪૭** |
| પ્રોફેશનલ કોલેજોની સંખ્યા | **૧૦૮ થી વધીને ૫૦૩** |
| મેડિકલ બેઠકો | **૧૩૭૫ થી વધીને ૫૭૦૦ થઈ છે.** |

- **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩**

રાજ્યની પબ્લિક યુનિવર્સિટીઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ની જરૂરીયાતોના સંદર્ભે એકસરખા માળખા પર અને કાર્યપદ્ધતિ ઉપર આધારીત હોય તે

હેતુસર, અમારી સરકારે **'ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ – ૨૦૨૩'**ને વિધાનસભામાં પારીત કરીને અમલમાં મુકવાનો પ્રગતિશીલ નિર્ણય કરેલ છે.

આ કાયદાથી યુનિવર્સિટીઓને વહીવટી અને નાણાંકીય વધુ ઓટોનોમી મળશે. તમામ કૉલેજો, યુનિવર્સિટીના વિભાગો, **અધ્યાપકોને સિનીયોરીટી થકી રોટેશન થી બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝીક્યુટીવ કાઉન્સીલ અને એકેડેમિક કાઉન્સીલ અંતર્ગત લાભ મળશે.** તમામ યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓ, પ્રવેશ, વિષયોના બાસ્કેટ, નિયમો સમાન થતાં NEP 2020ના અમલીકરણનો ફાયદો વિદ્યાર્થીઓને મહત્તમ થાય તે હેતુ સિદ્ધ થશે. આથી, યુનિવર્સિટીઓની કામગીરીમાં, શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે.

આ કાયદા દ્વારા તમામ ઓથોરીટીઝમાં કરેલ સિનીયર અધ્યાપકો, આચાર્યો., યુનિવર્સિટી અધ્યાપકો, પ્રોફેસરો અને ડીન્સ થતા **33%** મહિલાઓ શિક્ષણના નિર્ણયો, અમલીકરણમાં સહભાગી થશે અને યુનિવર્સિટીઓ પણ શિક્ષણ જગતમાં કામ કરતાં લોકોનો જ સમાવેશ થતાં સંપૂર્ણ ઓટોનોમી સાથે વિદ્યાર્થીઓના વ્યાપક હિત તેઓ સિદ્ધ કરશે આ મુખ્ય હેતુ માટે જ સરકારે કોઈ સરકારી અધિકારીને યુનિવર્સિટીના વહીવટી તંત્રમાં રાખેલ નથી. સરકાર માત્ર માર્ગદર્શન અને પ્રગતીનું મોનીટરીંગ કરશે. આ જ સાબિત કરે છે કે રાજ્ય સરકાર શિક્ષણ જગતને પૂર્ણ મોકો અને ઓટોનોમી આપવા માંગે છે, અને રાજ્યની ડબલ એંજીન સરકાર એક સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુખ્ય ઉદ્દેશ્યો સિદ્ધ કરવા દુરોગામી પ્રયત્ન આ એક્ટ દ્વારા કરેલ છે.

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) :-**

રાજ્યની એગ્રીકલ્ચર,આયુર્વેદ, ઉચ્ચ શિક્ષણ, મેડિકલ, નર્સિંગ, ડિગ્રી અને ડિપ્લોમા ટેકનિકલ અભ્યાસક્રમ, વેટરનીટી એમ સાત અલગ અલગ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૪૬,૬૧૯ તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૨૮૦ કરોડની સહાય ચૂકવવામાં આવી અને **વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૪૦૦ કરોડની જોગવાઇ** કરવામાં આવેલ છે. જેનો લાભ રાજયના ૭૫,૦૦૦ વિદ્યાર્થીઓને મળશે.

**શોધ યોજના :-**

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે પી.એચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને વાર્ષિક બે લાખની આર્થિક સહાય પુરી પાડવા માટે શોધ યોજના અંતર્ગત **વર્ષ ૨૦૨૩-૨૪**માં **કુલ ૨૭૯૧** વિદ્યાર્થીઓને **રૂ.૨૧.૭૬ કરોડની** સહાય ચૂકવવામાં આવેલ છે અને વર્ષ **૨૦૨૪-૨૫માં રૂ.૪૦ કરોડની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**ફિનિશિંગ સ્કૂલ યોજના**

રાજ્યની સરકારી, ટેકનિકલ અને અનુદાનિત કોલેજોના વિદ્યાર્થીઓમાં અભ્યાસ ઉપરાંત રોજગારલક્ષી કૌશલ્ય વધે તે માટે સોફ્ટ સ્કીલ, એમ્પ્લોયબીલીટી સ્કીલ અને સ્પોકન ઇંગ્લિશની ટ્રેનિંગ માટે ફિનિશિંગ સ્કૂલ યોજના **અંતર્ગત રૂ.૭.૫૦ કરોડની જોગવાઇ** કરેલ છે, જેનો લાભ અંદાજીત ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓને મળશે.

**ઉદીશા (UDISHA)** પ્લેસમેન્ટ સેલ

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકીના રોજગાર મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને રોજગારીની તકો પૂરી પાડનાર ઉદ્યોગો અને સંસ્થાઓ વચ્ચે સેતુરૂપે કામગીરી કરે છે. **વર્ષ ૨૦૨૩-૨૪માં** ઉદીશા અંતર્ગત ઉચ્ચ શિક્ષણની સરકારી અને અનુદાનિત કોલેજોને **રૂ.૩ કરોડનું** અનુદાન ફાળવવામાં આવેલ છે. આગામી **વર્ષ ૨૦૨૪-૨૫માં** ઉદીશા અંતર્ગત કોલેજોમાં અભ્યાસ કરતા છેલ્લા વર્ષના અંદાજે **૭૦ હજાર** જેટલા વિદ્યાર્થીઓની નોંધણી અને અંદાજે **૧૫૦૦** જેટલા ઉદ્યોગો અને સંસ્થાઓની નોંધણી હાથ ધરવામાં આવશે.

વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યની સરકારી કોલેજોના કેમ્પસના રીનોવેશન અને મેઈન્ટેનન્સ માટે **રૂ.૨૦ કરોડની જોગવાઈ** તેમજ હેરિટેજ બિલ્ડીંગના રીસ્ટોરેશન માટે **રૂ.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે**.

## માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS)

આ યોજના અંતર્ગત અતિ જરૂરિયાતમંદ **૭ કેટેગરી** જેવી કે ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ, શહીદ જવાનોના સંતાનો, શ્રમિક વાલીઓના બાળકો, ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વાલીઓના બાળકો, વિધવા મહિલાના બાળકો, ડિવોર્સી/ત્યકતા મહિલાના બાળકો અને અનાથ બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપવા **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨૯.૯૭ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે** જેનો લાભ અંદાજિત **૨૫૦૦ વિદ્યાર્થીઓને** મળશે.

## કે.કા. શાસ્ત્રી હાયર એજ્યુકેશન ટ્રાન્સફોર્મેશન ફંડ

આ ફંડ અંતર્ગત રાજ્યની સરકારી કોલેજોમાં ફર્નિચર અને સાધન સામગ્રી, ફાયર સેફ્ટીના સાધનો, સીસીટીવી કેમેરા અને લેબોરેટરીના સાધનો વસાવવા માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૭.૦૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- રાજ્યની સરકારી અને અનુદાનિત કોલેજો તેમજ યુનિવર્સિટીઓને **NAAC** (National Assessment and Accreditation Council) માટે સહાય અને પ્રોત્સાહન માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૬.૮૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે **"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"** ના આયોજન માટે વર્ષ ૨૦૨૪-૨૫માં **રૂ.૩૦ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- રાજ્યની નવી સરકારી કોલેજોના મકાન બાંધકામ અને હયાત કોલેજોમાં વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૦૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

## ટેકનિકલ શિક્ષણ

- ટેકનિકલ શિક્ષણની ઈજનેરી અને પોલિટેકનિક બેઠકોનું રીસ્ટ્રક્ચરીંગ કરી શૈક્ષણિક **વર્ષ ૨૦૨૩-૨૪થી** વિવિધ સરકારી ઈજનેરી કોલેજો ખાતે **૪૮૦ બેઠકો** અને પોલિટેકનિક સંસ્થાઓ ખાતે ૪૫૦ બેઠકોના વધારા સાથે નવા **Emerging**

**અભ્યાસક્રમો** શરૂ કરવામાં આવેલ છે. ઉપરોક્ત ઉલ્લેખિત બેઠકોમાંથી ૯૩% બેઠકો સંપુર્ણ ભરાયેલ જે Restructuring ની સફળતા દર્શાવે છે.

- હાલમાં વિવિધ ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાતને ધ્યાને લઇ તેમજ વિદ્યાર્થીઓને New Edge Technology સાથે જોડી, તેઓ ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રોમાં રીસર્ચ અને ઇનોવેશન કરી શકે અને વૈશ્વિક હરીફાઇમાં અગ્રેસર બને તે માટે રાજ્યની સરકારી ડીગ્રી ઈજનેરી અને પોલીટેકનીક સંસ્થાઓ ખાતે **સેન્ટર ઓફ એક્સલન્સ(CoE)**ની સ્થાપના માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૦.૦૦ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- રાજ્ય, દેશ તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તમાન, ફ્યુચરીસ્ટીક તેમજ ડીસરપ્ટીવ ટેકનોલોજી ક્ષેત્રે રાજ્યમાં શિક્ષણ, ઉદ્યોગ, રીસર્ચ અને ઇનોવેશન ઇકોસીસ્ટમનાં તમામ **સ્ટેક-હોલ્ડર્સને એક પ્લેટફોર્મ** પૂરું પાડવા માટે **IIT દિલ્હી અને IIT ચેન્નાઈ** ખાતેના **Research Park** સાથે ઈનલાઈન Research Park સરકારી ઈજનેરી કોલેજો ખાતે સ્થાપવા માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૯.૬૨ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ વર્ગખંડો/પ્રયોગશાળાઓને Smart Classrooms અને Smart Labsમાં રૂપાંતરિત કરવા માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૮૪ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- સરકારી ટેકનીકલ સંસ્થાઓ ખાતે નવી સાધન-સામગ્રી, ફર્નીચર, પુસ્તકો પુરા પાડવા **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૫૯ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- સરકારી ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ ખાતેના હેરિટેજ બિલ્ડીંગોનું Restoration કરવા માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૦ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

## સ્ટાર્ટઅપ

**સ્ટાર્ટઅપ**ને વધુ વેગ મળે તે માટે અમારી સરકાર દ્વારા **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી** (SSIP) લાવવામાં આવેલ છે. જે અન્વયે નવનિર્મિત i-Hub ખાતેનાં સ્ટાર્ટઅપ વર્ક સ્ટેશન તેમજ સરકારી ટેકનિકલ સંસ્થાઓના વિવિધ ભવનોના સંચાલન અને નિભાવણી માટે **વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૪૨ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

- **<u>SSIP ૧.૦ : (૨૦૧૭ થી ૨૦૨૧)</u>**

ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૭ થી SSIP અમલમાં મૂકવામાં આવી છે. આ પોલીસીના પાંચ વર્ષ દરમ્યાન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા **૬૮૦૦** થી પણ વધુ SSIP અંતર્ગત ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવ્યા. આ સાથે જ **૧૩૦૦ જેટલી પેટન્ટ** પણ વિદ્યાર્થીઓએ દ્વારા ફાઈલ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપ **૨૨૦૦ થી** પણ વધારે સ્ટાર્ટઅપને SSIP અંતર્ગત લાભ મળ્યો.

- **<u>SSIP ૨.૦ : (૨૦૨૨ થી ૨૦૨૭)</u>**

SSIP ૧.૦ ની આવી સફળતાના પરિણામે વર્ષ ૨૦૨૨માં SSIP ૨.૦ પોલીસી પાંચ વર્ષ માટે અમલમાં મૂકવામાં આવી. આ સાથેજ માત્ર દોઢ વર્ષના સમયગાળામાં SSIP ૨.૦ અંતર્ગત **૧૭૦૦ થી** પણ વધુ SSIP અંતર્ગત ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવ્યા. **૭૭૦ જેટલી પેટન્ટ** પણ વિદ્યાર્થીઓએ દ્વારા ફાઈલ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપ ૩૫૧ થી પણ વધારે સ્ટાર્ટઅપને SSIP અંતર્ગત લાભ મળ્યો.

- **SSIP૧.૦ અને SSIP ૨.૦ ના આવા પરિણામો થકી સમગ્ર દેશમાં છેલ્લા ચાર વર્ષથી સતત ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે.**

- **<u>ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકાથોન ૨૦૨૩:</u> G20** સમિટ અંતર્ગત "ન્યુ ઈન્ડિયા વાઈબ્રન્ટ હેકાથોન ૨૦૨૩"નું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૦ સેક્ટરમાં **કુલ ૩૬ ટીમોને રૂ. ૪૨ લાખના ઈનામો** આપવામાં આવ્યા.

શિક્ષણ સામેના પડકારોને સરકાર, સમાજ અને તંત્રના સહિયારા પ્રયાસોથી પહોંચી વળીને, ૨૦૨૭માં ગુજરાતનું ભવિષ્યવાદી શિક્ષણફલક પરંપરાગત શૈક્ષણિક મૉડેલોમાંથી એક નમૂનારૂપ પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરશે. વ્યક્તિગત શિક્ષણ, તકનીકી સંકલન, મિશ્રિત શિક્ષણ, પ્રોજેક્ટ–આધારિત શિક્ષણ, વૈશ્વિક પરિપ્રેક્ષ્ય, શિક્ષક સશક્તીકરણ અને સમુદાય જોડાણ આ પરિવર્તનકારી પ્રવાસના આધારસ્તંભ બની શિક્ષણના પથને વધુ પ્રકાશિત કરશે. ગુજરાતની શૈક્ષણિક પ્રણાલી સતત બદલાતી દુનિયામાં વિકાસ માટે જરૂરી કૌશલ્યો, જ્ઞાન અને માનસિકતા સાથે શીખનારાઓને સશક્ત કરવા માટે વિકસિત થઈ રહી છે. શિક્ષણમાં આવેલા વૈશ્વિક નવાચારને અપનાવીને, ગુજરાત શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે એક માપદંડે સ્થાપિત કરશે, જે અન્ય પ્રદેશો માટે તેમની શૈક્ષણિક પ્રણાલીની પુનઃ કલ્પના કરવા માટે પ્રેરણારૂપ બનશે.

# સમાપન

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતના ગૌરવશાળી સાહિત્યકાર નર્મદે ગાયું છે કે,

**‘રંગ થકી પણ અધિક રંગ થશે, સત્વરે માત,**
**જય જય ગરવી ગુજરાત.’**

એ જ રીતે વિકસિત ગુજરાત સત્વરે વધુ વિકસશે અને દુનિયાભરમાં તેનો ડંકો વગાડશે. પૂર્વમાં ઊગનારા સૂરજના અશ્વોનો હણહણાટ સંભળાઈ રહ્યો છે. દશે દિશાઓમાંથી એક જ નાદ ગુંજી રહ્યો છે, 'જય જય ગરવી ગુજરાત'. આવો, આપણે સૌ સાથે મળીને ભવિષ્યના ભવ્ય ગુજરાતને આવકારીએ.

અંતમાં હું મારા બન્ને વિભાગના બજેટની માંગણીઓ અંગે એટલું કહેવા માગું છું કે, આ બજેટ ગરીબો માટે છે, આદિવાસીઓ માટે છે, વંચિતો માટે છે, મહિલાઓ અને બાળકો માટે છે, ગુજરાતના શિક્ષણની સ્થિતિ સુધરે વધે એ માટે છે. આથી ગુજરાતના વિકાસ માટે સરકારે કરેલી આ નવી જોગવાઇઓને સમગ્ર ગૃહના સભ્યો વિના વિરોધે તેને સર્વાનુમતીથી મંજૂર કરે તેવી વિનંતી છે, તેવો મારો અનુરોધ છે.